સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ધનનાં ખેતર ખેડ્યા પછી રાજપાલ બને છે,
શાસનને સતાવનાર રાજપાલ બને છે,
નિવૃત્ત-કહ્યાગરા પણ રાજપાલ બને છે
નાચે દોરી ખેંચાય એમ રાજપાલ બને છે.
(પક્ષના ગુમ કાર્યકર એટલે...!!)

હાઈકુ

રાખે છે દાબ
મસ્ત હાથીને પણ
સત્તા અંકૂશ

સત્તા બજારે
નાચે કઠપૂતળાં
સ્વમાન વેંચી

ચિંતન

અન્યમુખે દુર્વાદો યઃ પ્રિય વદને એવ પરિહાસઃ ।
ઈતરેન્ધન જન્મા યો ધૂમઃ સો ગુરુ ભવો ધૂપઃ ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જે વચન બીજાના મુખમાંથી નીકળતા દુષ્ટ ગણાય તે પ્રિયજનના મુખમાંથી નીકળે તો એ વિનોદ કરનારું થાય છે. લાકડામાંથી નીકળેલ અગ્નિ થતી નીકળતો 'ધૂમાડો' જ કહેવાય છે પણ એવો જ ધૂમાડો જો અગરબત્તીમાંથી જયારે નીકળે છે ત્યારે તેને 'ધૂપ' કહેવાય છે.

પત્નીની દૃષ્ટિએ પતિ હંમેશા ભોળો અણસમજુ, મીઠાં બોલો, બબૂચક, સ્વાર્થી જ હોય છે. અંગત ક્ષણોમાં તો ચૂંટલી ખણીને કહેતી પણ હોય છે છતાં પતિ હસતાં હસતાં સાચું હોય એવા નખરાં કરીને સ્વીકારી પણ લેતો હોય છે. આવા શબ્દો કચેરીમાં તેનો બોસ કે દૂરનો મિત્ર કે ઘરનાં બીજા સભ્યો એને કહે તો સહન થતાં નથી અને રણસંગ્રામ જેવી ઉગ્રતા સાથે લડાઈ થઈ જાય છે.

ટૂંકમાં જયાં પ્રેમ હોય ત્યાં નાની બાબતો મજાક, પણ પ્રેમથી સહન થઈ જાય છે પણ માત્ર વ્યવહારિક સંબંધ હોય ત્યાં માન-સન્માન જાતિ અભિમાન ન નડતરરુપ બને છે.

સુવિચાર

- કર્તવ્ય રુપેરી છે, મૌન સોનેરી છે, શબ્દમાં નિર્બળતા છે, મૌનમાં શક્તિ છે - **અમૃતબિંદુ**
- બાળક મોટા ભાગનું વર્તન અનુકરણ કરીને શીખે છે આને મનોવિજ્ઞાનમાં 'સોશિયલ લર્નિંગ' કહે છે - **સુરેશ દલાલ**
- જરૂરિયાત પ્રમાણે બદલાવ પણ વળી પાછા પોતાના 'સ્વ' તરફ પાછા વળો અને એડજેસ્ટમેંટ પાવર જો માણસમાં વધે તો મુશ્કેલીઓ ઘટે - **ડો. પ્રશાંત ભિમાણી**
- જેને જીવનનો મોહ ન હોય તેને જીવનમાં કોઈ વેદના નથી - **વિચારમંથન**
- જાતથી પરાજિત થવું એના જેવી બીજી શરમ એકે નથી, પણ જાત ઉપર વિજય મેળવો એના જેવું ગૌરવ પણ એકે નથી - **જનકલ્યાણ**
- જોખમ ઉઠાવવાની સાથે નિષ્ફળતા ઉઠાવવી જ પડે, નહિ તો એને જોખમ ન કહેવાય, સફળતાની સીધી સીડી જ કહેવાય - **ધર્મલોક**
- આજનું ઔષધ : બહુમૂત્રતાની તકલીફમાં ટીમકુક અડધી ચમચી અજમો એક ચમટી કાળા તલ સાથે ખૂબ સાવીને ખાવાથી તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

લગભગ સાંઈઠ વર્ષના એક સજ્જન હતાશા (ડિપ્રેશન)માં જીવતા હતા. તેમના પત્નીએ એક મનોચિકિત્સકની મુલાકાત લેવાનું નક્કી કર્યું. ડૉકટર સાહેબ ખૂબ હોંશિયાર હતા. તેમણે વડીલને સાંભળવા માટે તેમના પત્નીને બહાર બેસાડ્યા. ડૉકટરે કાઉન્સેલિંગ શરૂ કર્યું. અને સજ્જન પોપટની જેમ બોલીને ફરિયાદ કરી રહ્યા. જેમ કે, હું ખૂબ પરેશાન છું, ચિંતાઓથી દબાઈ ગયો છું. બાળકોના ભવિષ્યની ચિંતા, હોમ લોન, કાર લોન ના ટેન્શન. કંઈ મન લાગતું નથી. એમ કહી આખા જીવનની કિતાબ ડૉકટર પાસે ખોલી નાખી. ડૉકટરે જવાબમાં એટલું જ કહ્યું, 'તમે ધોરણ દસમાં કઈ શાળામાં અભ્યાસ કર્યો હતો. તે શાળામાં જાઓ. ત્યાંથી દસમા ધોરણમાં તમારા સહપાઠીઓનું રજીસ્ટરની ઝેરોક્સ લાવો. વડીલ શાળામાં ગયા. એમના સહપાઠીઓના રજીસ્ટરની કોપી મેળવી લાવ્યા. હવે ડૉકટરે કહ્યું, 'આ રજીસ્ટરમાંથી તમારા સાથીઓના નામ શોધો અને તેઓ હાલની પરિસ્થિતિમાં શું કહે છે તે માહિતી મેળવો. ડાયરીમાં એ નોંધ કરો અને એક મહિના પછી મને મળજો.' નસીબ જોગે એકસોવીર મિત્રોની માહિતી મેળવવામાં તેઓ સફળ થયા. એમાંના ૨૦ ટકા લોકો મૃત્યુ પામ્યા હતા. ૧૩ છોકરાઓ ના છૂટકે છૂટાછેડા થયેલા હતા. અને તેઓ અલગ એકલા રહેતી હતી. ૧૫ નશો કરતા હતા કે વાત કરવાની હાલતમાં ન હતા.૫ ટકા ખૂબ ગરીબ નીકળ્યા કે સાવ ઝુંપડીમાં રહેનારા હતા. ૫ ટકા અતિ સમૃદ્ર નિકળ્યા કે તેઓ વડીલને મળવા માગતા ન હતા. ૪ ટકા લોકોના બાળકો પાગલ અથવા નકામા નીકળ્યા. એક જણ એવો હતો કે હજી એને પગભર થવાનું બાકી હતું પછી લગ્ન કરવાનું હતું. એક જણ જેલમાં હતો. ડૉકટરે વડીલને પૂછ્યું કે ડિપ્રેશન કેવું છે?' વડીલ હવે સારી રીતે સમજી ચૂક્યા હતા. કે પોતે ભૂખે નથી મરતા. કોર્ટ કચેરીની દૂર રહ્યા. પત્ની-બાળકો સારા છે. અને એમના સિવાયના આ લોકોના જીવનમાં ખરેખર મુશ્કેલીઓ ઘણી છે.' વડીલે ડૉકટરને બે હાથ જોડીને કહ્યું, 'આ લોકોને જોયા પછી હું મારી જાતને ભાગ્યશાળી માનું છું.'

વિશ્વકક્ષાની આર્થિક મહાસત્તાની નાદારી

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને પાંચ ટ્રિલિયન જેટલી સંપત્તિ ધરાવતી આર્થિક મહાસત્તા તરીકે પ્રસ્થાપિત કરવાનાં દિવાસ્વપ્નો જોતા અને બતાવા રહ્યા છે. કઠોર વાસ્તવિકતા એ છે કે દેશ પાસે કોરોનાનો કોળિયો બની ગયેલ કમનસીબ પરિવારોને જિવાડવા માટે મૃતક દીઠ ચાર લાખનું વળતર ચૂકવવાની જોગવાઈ નથી. કોરોનાએ કેન્દ્ર સરકાર અને રાજય સરકારોની તિજોરીઓ તળિયે બેસાડી દીધી છે. કરવેરાની આવક ઘટતાં સરકારને ડિઝલ અને પેટ્રોલ જેવી રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ પર થતા ભાવવધારાને મજબૂરીપૂર્વક સ્વીકારી લેવો પડ્યો છે. પ્રજા કે વિપક્ષો ગમે તેટલી કાગારોળ કરે છતાં એ ભાવવદારો પાછો ખેંચવા સરકાર તૈયાર જ નથી. તંત્રની લાપરવાહી અને અરાજકતા ભર્યા વહીવટને લીધે અગાઉથી નિષ્ણાતોની ચેતવણી છતાં કોરોનાની બીજી લહેર રોકી શકાઈ નહીં. આ લહેરમાં અનેક નાગરિકો સ્વાહા થઈ ગયા હતા, અનેક પરિવારો રસ્તા પર આવી ગયા અને લાખો બાળકોના માથેથી માતાપિતાનું છત્ર છીનવાઈ ગયું. આંકડા છુપાવવામાં વ્યસ્ત તંત્ર આ દુખિયારાં કુટુંબો પાસે કશું જ કરી શક્યું નથી. ઊલટાનું એ તો કોરોનાને હરાવવાની ગુલબાંગોમાંથી જ ઊંચું આવ્યું નથી. ઉજ્જડ થઈ ગયેલા પરિવારોને આર્થિક સહાય આપી બેઠાં કરવાની કોઈ પણ કલ્યાણરાજની ફરજ છે. પરંતુ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને કોરોનાથી મૃત્યુ પામેલ દરદીના પરિવારને ચાર-ચાર લાખની આર્થિક સહાય આપવાની સરકારની શક્તિ નથી એવી કબૂલાત કરી દીધી છે. જો કોરોના મહામારી જેવી પ્રચંડ અને લાંબા વખત સુધી ચાલતી તથા વારંવાર રિપીટ થતી બિમારી માટે મૃતક દીઠ ચાર-ચાર લાખની સહાય આપવા બેસીએ તો બીજી કલ્યાણ યોજનાઓ માટે નાણાં બચે જ નહીં એવી દલીલ વાજબી હોવા છતાં ભારત જેવી મહાન લોકશાહીના માથે કાળી ટીલી સમી જ લેખાશે. ઈતિહાસ નોંધ લેશે કે જયારે ખરી જરૂર હતી ત્યારે જ સરકારે ઠંડા કલેજે 'બગલો અધ્ધર' કરી દીધી હતી. એ હકીકત છે કે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાં એટલી મોટી રકમ ફાળવવા જતાં બીજી ઘણી બધી યોજનાઓ પર કાપકૂપ મૂકવો પડે. પરંતુ પ્રજાને એ તર્ક કે અર્થશાસ્ત્ર ગળે ઊતરશે નહીં. તર્કની શાસ્ત્રીયતા મુદ્દે સરકારની રજૂઆત બધાને બરાબર લાગે તે બનવાજોગ છે. 'ડિઝાસ્ટર'ની વ્યાખ્યામાં ભૂકંપ, વાવાવોડું, અતિવૃષ્ટિ, પૂર જેવી હોનારતોનો જ સમાવેશ કરાયો છે. એમાં આવી અકલ્પનીય મહામારીનો સમાવેશ કરવા જતાં ફંડ એમાં જ પૂરું થઈ જાય અથવા ખૂટી પડે એવી સંભાવના છે. મતલબ કે કોરોનાનો કોળિયો બની ગયેલ પરિવારોને સરકાર 'રામ ભરોસે' છોડી દેવા તૈયાર છે. ઠીક છે, જે પરિવારોમાં બાળકો સાવ જ અનાથ બની ગયેલ છે એમના યોગક્ષેમની અને ભણતરની જવાબદારી જે-તે રાજય સરકાર ઉપાડી શકે છે. ગૃહમંત્રાલયે કરેલ રજૂઆત મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઍક્ટ-૨૦૦૫ની કલમ ૧૨ અન્વયે હેલ્થ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને પ્રત્યેક નાગરિકની અન્ન સલામતી અંગે કેન્દ્ર સરકારે ઝડપી પગલાં લીધાં છે. અધિકૃત મૃત્યુ લાખ ૩.૮૬ લાખથીપણ વધુ થયો છે. એ જોતાં મૃતક દીઠ ચાર લાખની સહાય કરવા જતાં થનાર ગંજાવર ખર્ચ કરવાની કેન્દ્ર કે રાજય સરકારની ક્ષમતા નથી. વળી બીજી દલીલ એ છે કે જો બમારીઓ વચ્ચે વહેરો આંતરો રાખવામાં આવે તો પણ યોગ્ય નહીં લેખાય. કોરોનાથી થનાર મૃત્યુ માટે આર્થિક મદદ આપવા જતાં બીજી બીમારીઓથી મરનાર વ્યક્તિઓને અન્યાય થશે ! ટૂંકમાં કેન્દ્ર સરકારે વળતરની પ્રજાકીય માગણી સંદર્ભે સુપ્રીમ કોર્ટ સમક્ષ 'પેટછૂટી' રજૂઆત કરી દઈ પોતાનું આર્થિક ગજું નહીં હોવાની કબૂલાત કરી દીધી છે. સ્વાભાવિક છે કે વિપક્ષોને જ નહીં બલકે આમ જનતાને કેન્દ્ર સરકારની નવી સંસદ અને પ્રધાનમંત્રી નિવાસ જેવી લખલૂટ ખર્ચે ચાલી રહેલી યોજનાઓ પાછળ થઈ રહેલ બેશુમાર ખર્ચના આંકડા જ દેકાવા લાગે. એવા બેફામ ખર્ચને અટકાવી કેન્દ્ર સરકારની કોઈ જ તૈયારી નથી, એટલું જ નહીં, સુપ્રીમ કોર્ટેપણ કોરોનાકાળ દરમિયાન કોરોનાકાળ દરમિયાન પ્રોટોકોલપૂર્વક એ યોજનાઓનું કામ ચાલુ રાખવામાં ઔચિત્ય હોવાનું જણાવ્યું હતું!

આપણને બધાને એમ જ હોય કે જવાબ મળે... ભલે પછી અપેક્ષિત હોય કે અનપેક્ષીત..

સમયના બદલાવ સાથે ખૂબ બીઝી બતાવી પોતાનું મહત્વ ઉભુ કરવાની આગવી સ્ટાઈલે 'આત્મીયતા'નો એકડો કાઢી નાખ્યો છે

વાત-વાતમાં
પલ્લવ પટેલ

'માફ કરજે મિત્ર' તારો ફોન આવ્યો ત્યારે ખૂબ કામમાં હતો ફ્રી થયો એટલે થયું તારી સાથે વાત કરી લઉ..' યાર એટલું કામ છે ને ઊંઘવાનો' ય ટાઈમ નથી.' મે તો સોશ્યલ મીડિયા જોવાનું બંધ કરી દીધું.. ખાલી ટાઈમ પાસ છે' આપણ ને થાય કે ખરેખર દુનિયા માં માણસો આટલા બધા બિઝી હશે અને આપણે એકલા જ નવરાધૂપ કામ વગર ના છીએ..?

મોટેભાગે કામ અટકતું હોય અથવા સ્વજન, જીગરજાન મિત્ર ને કે બૉસને સમય અનુસંધાને દોરવા જેવું હોય તો ફોન કર્યો હોય અને આ જવાબો એવા સમયે મળે કે આપણને ઊંઘવાનો સમય થયો હોય... તોય આપણે એમ ન કહી એ કે જસ્ટ આડો પડ્યો ને તમારી રીંગ આવી.. કાલે વાત કરીશું... પાછા સામે વાળા ને મોટો ભા બનાવી.. હા.. તમારે તો ખૂબ કામ રહેતું હશે.. એમ કહી પાછા વાત કરીએ...આ મોટાભાગનાનો અનુભવ હશે..

આપણ ને બધાને એમ જ હોય કે જવાબ મળે... ભલે પછી અપેક્ષિત હોય કે અનપેક્ષીત..પણ સમય ના બદલાવ સાથે ખૂબ બીઝી બતાવી પોતાનું મહત્વ ઉભુ કરવાની આગવી સ્ટાઈલ ઊભી થઈ છે.'સમય નથી કહેનાર' મિત્રોના સોશીયલ મીડિયા તપાસો તો એકેય મેસેજ જોયા વિના નો છોડ્યો નહી હોય. એવા પણ મિત્રો, સ્વજનો, બોસની વર્ક પ્રોફાઈલ પાછા આપણે જાણતા હોઈએ છીએ કે કહેવાતા બીઝી હોવાની વાત માં તથ્ય હોતું નથી.. અને એવાય ખુલ્લા દિલના છે કે એવું કહી દે કે જમવા બેઠો તો લ્યા .. બાઈક ચલાવતો' તો... ભાઈ તારો ફોન આવ્યો.. મે જોયો પણ ગલ્લે મસાલો ચોળતો હતો.. તું જ કહે બેઉ હાથ બીઝી હોય તો ફોન કેવી રીતે ઉપાડું. એટલી સહજતાથી અને આત્મીય ભાવથી વાત કરે કે આપણે શેની માટે ફોન કર્યો હતો તે મૂળ વાત જ ભૂલી જઈએ..

આપણે બધાએ અનુભવ્યું છે.. કે ટેલિફોન નહોતો ત્યારે આપણા હિતેચ્છુ પોસ્ટકાર્ડ લખી ને ખબર અંતર પૂછતા.. અને આપણે જવાબ પણ સમયસર પોસ્ટકાર્ડ થી આપતા. ટેલિફોન ના જમાનામાં.. સાંજે વાળુ કરી ખાસ દૂરના વિસ્તારોમાં રહેતા આપણા સ્વજનોને ફોન કરી આખા કુટુંબ ના સમાચાર પૂછતા. એ આત્મીયતા, પ્રેમભાવ આજે ઈન્ટરનેટ કે વોટ્સએપના સમયમાંથી ગાયબ થઈ ગયો છે. હાય.. હેલોનો અને ચેટીંગના સુગંધ વગરના શબ્દપુષ્પોથી આપણે ખુશ થઈ માત્રને માત્ર સંતોષ માણી રહ્યા છીએ.

ખરેખર તો આપણે સૌ જાણીએ છીએ કે એકવીસમી સદીમા ટેકનોલોજીએ બધાને ખૂબ નજીક લાવી દીધા છે.. અને એ પણ હકીકત છે કે એટલા વધુ નિકટ લાવ્યા છે કે આપણી બાજુ માં બેઠેલો આપણી સાથે સોશીયલ મીડિયામાં ચેટિંગ કરતો હોય.. અને આપણે તેની નજીક છીએ તેની ખબર પણ ન હોય. ટેકનોલોજી એ સગવડો ચોક્કસ વધારી આપી છે પણ 'આત્મીયતા 'નો એકડો કાઢી નાખ્યો છે.

કોર્પોરેટ સ્ટાઈલ સમયના બદલાવ સાથે જરુરી ચોક્કસ હશે પણ આપણી સમસ્યાના ઉકેલ માટે ટેલીફોન ઓપરેટર કે રેકર્ડ થયેલા મેસેજ આધારિત અપેક્ષિત જવાબોની રાહ જોઈ આપણી લાગણીઓ કેટલી હદે કાબૂમાં રાખી છીએ એ તો અનુભવનાર ને જ ખબર પડે.

કોર્પોરેટ કલ્ચરમાં કે વ્યવસાયિક સંબંધોમાં 'કર્ટસી કૉલ' ની આગવી પરંપરા છે . જેમાં સામાજિક કે કૌટુંબિક કોઈ પણ સંબંધ ન હોવા છતાં બહાનુ શોધી સામે ચાલી ને વાત કરવી અને સમગ્ર કુટુંબ ના હાલચાલ પૂછી આત્મિયતાની સંવેદના બતાવાય. ખૂબ સારી આવકારદાયક બાબત છે .આવી જ સંવેદના આપણે આપણાં સદંયીને જવાબ આપવામાં દાખવીએ તે સમયની જરૂરિયાત છે. આત્મીયતાના એકડાની કિંમત એકલાની નથી પણ પાછળ સંવેદનાના જેટલા વધુ શૂન્ય ઉમેરાય ત્યારે તેના સંબંધોની કિંમત ખૂબ વધી જાય છે.

મહાવાક્ય - ઉપનિષદ્‌નું સારતત્વ - તત્ત્વમસિ

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ઉપનિષદ્ એ સ્વયંને જાણવાની ઓળખવાની પ્રક્રિયા છે. શું આપ જાણો છો ? આપણી અંદર એક બીજી વ્યક્તિ છૂપાયેલી છે, જેને આપણે જોઈ નથી શકતા. જે દિવસ-રાત બધા બંધનોને તોડવા માટે લડી રહી છે, શાંતિ માટે, આનંદની અનુભૂતિ માટે લડી રહી છે.

ઉપનિષદોના બધા મંત્રો ચિંતનીય છે, પરંતુ કેટલાક મંત્રો વિશેષ છે. જે મંત્રો આત્માના સ્વરૂપનું વર્ણન કરે છે તે મંત્રો આત્મચિંતન માટે વિશેષ મૂલ્ય ધરાવે છે. આ પ્રકારના વિશેષ મૂલ્યવાન મંત્રોમાં પણ ચાર મહાવાક્યો સર્વોચ્ચ સ્થાને આવે છે. મહાવાક્યો જીવાત્મા અને બ્રહ્મની એકતાનો સ્પષ્ટ અને નિશ્ચયાત્મક ઉપદેશ આપે છે. જીવ-બ્રહ્મની એકતા અદ્વૈતમાર્ગનો મુખ્ય સિદ્ધાંત છે. તેથી અદ્વૈતવેદાંતના તત્ત્વદર્શનમાં અને તેના સાધનપથમાં આ ચાર મહાવાક્યોનું ચિંતન વિશેષ મહત્ત્વપૂર્ણ ગણાય છે.

કદમાં ઘણાં નાનાં હોવા છતાં અર્થની મહાનતાને કારણે જ તેમને મહાવાક્યો કહેવામાં આવે છે. આ ચારે મહાવાક્યો સ્વતંત્ર મંત્રો નથી, પરંતુ મંત્રોના ભાગરૂપે છે.

ચારે મહાવાક્યો સંદર્ભસહિત નીચે મુજબ છે :

તત્ત્વમસિ

છાંદોગ્યોપનિષદના છઠ્ઠા અધ્યાયમાં એક સુંદર સંવાદ છે.

ઋષિ ઉદ્દાલક આરુણિએ એક વાર પોતાના પુત્ર શ્વેતકેતુને કહ્યું, "બેટા શ્વેતકેતુ ! તું ગુરુગૃહે જઈને, ત્યાં બ્રહ્મચર્યપૂર્વક નિવાસ કર. આપણા કુળમાં જન્મેલા કોઈ વેદાધ્યયન વિનાનો, બ્રહ્મબંધુ જેવો રહેતો નથી."

શ્વેતકેતુ બાર વર્ષની ઉંમરે ઉપનયન-સંસ્કાર-પૂર્વક ગુરુગૃહે ભણવા ગયો. ગુરુગૃહે બાર વર્ષ પર્યુંત સંપૂર્ણ વેદોનું અધ્યયન કરીને, ચોવીશ વર્ષની ઉંમરે સ્વગૃહે પાછો ફર્યો. તે પોતાને વેદજ્ઞ અને બુદ્ધિમાન માનતો તથા કંઈક અભિમાની બનીને પાછો ફર્યો હતો.

પિતા આરુણિએ પુત્ર શ્વેતકેતુને કહ્યું, "શ્વેતકેતુ ! તું પોતાને વેદજ્ઞ અને બુદ્ધિમાન માનનારો તથા કંઈક અભિમાની હોય તેમ લાગે છે. તો શું તેં તારા ગુરુને તે આદેશ (ગુપ્ત ઉપદેશ) પૂછ્યો છે કે જેનાથી નહિ સાંભળેલું સાંભળેલું બને છે, નહિ વિચારેલું વિચારેલું બને છે અને નહિ જાણેલું બને છે ?

શ્વેતકેતુ આ આદેશને જાણતો નથી તેથઈ તે પોતાના પિતાને પૂછે છે, "ભગવન્ ! તે આદેશનું સ્વરૂપ શું છે ? હું તે આદેશ ને જાણતો નથી અને ગુરુ પાસેથી મને તે આદેશનું જ્ઞાન મળ્યું નથી."

પિતા કહે છે," હે સૌમ્ય ! જેમ માટીના એક પિંડને જાણી લેવાથી બધી માટીને જાણી લેવાય છે. માટી સત્ય છે. માટીમાંથી બનેલા ભિન્નભિન્ન પદાર્થો તો માટીના વિકારો છે. માટી જ સત્ય છે. વિકારો તો વાણી પર અવલંબિત નામમાત્ર છે.

હે સોમ્ય ! જેમ સુવર્ણના એક પિંડને જાણી લેવાથી બધા સુવર્ણને જાણી લેવાય છે. સુવર્ણ સત્ય છે. સુવર્ણમાંતી બનેલા અલંકારો તો સુવર્ણના વિકારો છે. સુવર્ણ જ સત્ય છે. તેના વિકારો તો વાણી પર અવલંબિત નામમાત્ર છે.

હે સૌમ્ય ! જેમ લોખંડની એક નરણી વડે બધા લોખંડને જાણી લેવાય છે. લોખંડ સત્ય છે. લોખંડમાંથઈ બનેલાં સાધનો લોખંડના વિકારો છે. લોખંડ જ સત્ય છે. તેના વિકારો તો વાણી પર અવલંબિત નામ માત્ર છે. હે સૌમ્ય ! તે સ્વરૂપનો આ આદેશ છે."

શ્વેતકેતુ કહે છે, "નક્કી મારા પૂજ્ય ગુરુદેવ આ આદેશને જાણતા નહિ હોય. જાણતા હોય તો તેઓ મને શા માટે ન કહે ? તેથી ભગવન્ ! આપ જ મને તે આદેશ કહો."

ઋષિ અરુણિ પુત્રને ફરીથી સમજાવે છે, "કોઈ મહાન વૃક્ષના મૂળમાં કોઈ પ્રહાર કરે તો તેમાંથી જીવનરસ સ્રવે છે, મધ્યભાગમાં પ્રહાર કરે તો જીવનરસ સ્રવે છે અને અગ્રભાગમાં પ્રહાર કરે તો જીવનરસ સ્રવે છે, કારણ કે આ વૃક્ષ જીવથી ઓતપ્રોત છે. જો જીવ તેની એખ શાખાને છોડી દે તો તે શાખા સુકાઈ જાય છે અને બીજી કે ત્રીજી શાખાને છોડી દે તો તે શાખા પણ સુકાઈ જાય ચે તથા જો જીવ તે આખા વૃક્ષને છોડી દે તો તે આખું વૃક્ષ સુકાઈ જાય છે."

"હે સૌમ્ય ! તે જ રીતે જીવરહિત થવાથી શરીર મૃત્યુ પામે છે, પરંતુ જીવ મૃત્યુ પામતો નથી. આ જે સૂક્ષ્મ તત્ત્વ છે તે સત્ છે, તે જ આત્મા છે અને હે શ્વેતકેતુ ! તે તું છે- તત્ત્વમસિ."

શ્વેતકેતુ ફરીથી કહે છે, "ભગવન્ ! મને ફરીથી સમજાવો."

ઋષિ આરુણિ પુત્ર શ્વેતકેતુને કહે છે, "સામે રહેલા આ વડનું એક ફળ લઈ આવ. "

શ્વેતકેતુ ફળ લઈ આવે છે. ઋષિ આરુણિ કહે છે, "આ ફળને તોડ અને જો કે અંદર શું છે."

શ્વેતકેતુ કહે છે, "પિતાજી, આ ફળની અંદર નાના-નાના અણુ સમાન દાણા છે." પિતા ફરીથી કહે છે, "આ દાણામાંથી એકને તોડ અને કહે કે તેમાં શું દેખાય છે ?"

શ્વેતકેતુ એક દાણાને તોડીને કહે છે, "પિતાજી! આની અંદર કંઈ દેખાતું નથી." આરુણિ કહે છે, "બેટા શ્વેતકેતુ ! આ એક દાણા જેવા બીજમાં જે સૂક્ષ્મતા છે તે તું જોઈ શકતો નથી. તેમાંથી જ મહાન વડનું વૃક્ષ થયું છે."

"આ જે સૂક્ષ્મ તત્ત્વ છે તે આત્મા છે અને હે શ્વેતકેતુ ! તે તું છે – તત્ત્વમસિ."

પિતા અને ગુરુ ઋષિ આરુણિએ પુત્ર અને શિષ્ય શ્વેતકેતુને વારંવાર સમજાવ્યું કે સમગ્ર અસ્તિત્વનું જે મૂળ તત્ત્વ છે, જે આદિ તત્ત્વ છે, તે જ સત્ છે, તે જ આત્મા છે, તે જ બ્રહ્મ છે. મનુષ્યના હૃદયમાં બેઠેલો જીવાત્મા અને પરબ્રહ્મ પરમાત્મા, બંને એક જ છે. બંનેની એકતાનું આ જ્ઞાન જ બ્રહ્મજ્ઞાન છે, પરમજ્ઞાન છે અને તે જ મુક્તિદાયક છે.

પુત્ર અને શિષ્ય શ્વેતકેતુ પ્રામાણિક અને નિષ્ઠાવાન જિજ્ઞાસુ ચે. જ્યાં સુધી તે પિતા દ્વારા કથિત સત્યને સમજ્યો નહિ ત્યાં સુધી તેણે પુનઃપુનઃ પૂછવાનું ચાલુ રાખ્યું. સમજ્યા વિના સમજી લીધાનો ડોળ ન કર્યો.

સત્યને પામ્યા વિના તેને પામી લીધાના ભ્રમમાં ન રહેવું કે તેને પામી લીધાનો ડોળ ન કરવો, તે જ્ઞાનપ્રાપ્તિની અનિવાર્ય શરત છે. શ્વેતકેતુની સત્યપ્રાપ્તિની લગન અને સત્યપ્રિયતા તેને સત્ય સુધી દોરી જાય છે. જ્યારે તે યથાર્થ પામે છે ત્યારે તે શાંત થઈ જાય છે.

જીવાત્મા સ્વરૂપતઃ જ બ્રહ્મ છે. જીવાત્મા પોતાના બ્રહ્મસ્વરૂપમાંથી ચ્યુત થયો છે, પરંતુ આ ચ્યુતિ પણ મનઃકલ્પિત છે, કારણ કે બ્રહ્મ પોતાના સ્વરૂપમાંથી ચ્યુત થઈ શકે નહિ. જે બ્રહ્મ સ્વરૂપ છે તે સદાસર્વદા બ્રહ્મ જે છે. સિંહ પોતાને મૃગશાવક માની લે તોપણ તે સિંહ જ છે અને તેણે સિંહત્વની પ્રાપ્તિ માટે કંઈ કરવાની જરૂર નથી, માત્ર જાણી લેવાનું છે કે તે સિંહ છે તે જ રીતે જીવાત્માએ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ માટે કંઈ કરવાની જરૂર નથી. માત્ર જાણી લેવાનું છે કે તે બ્રહ્મસ્વરૂપ છે.

આ જ ઘટના અહીં બને છે. પિતા અને ગુરુ ઋષિ આરુણિ પોતાના પુત્ર શિષ્ય શ્વેતકેતુને ભિન્નભિન્ન પદ્ધતિથી અને પુનઃપુનઃ એક જ સત્ય સમજાવે છે - તત્ત્વમસિ!

"હે શ્વેતકેતુ, તું તે આત્મા છે – બ્રહ્મ છે."

"હે જીવ, તું બ્રહ્મ છે. બ્રહ્મ તારું યથાર્થ સ્વરૂપ છે."

૧. 'તત્' પદનો વાચ્યાર્થ

સર્વશક્તિમાન, સર્વજ્ઞ, વિભુ, ઈશ, સ્વતંત્ર, પરોક્ષ, માંથી અને બંધ-મોક્ષરહિત-આ ધર્મોથી યુક્ત ઈશ્વર, 'તત્' પદનો વાચ્ય છે.

૨. 'ત્વં' પદનો વાચ્યાર્થ

અલ્પશક્તિમાન, અલ્પજ્ઞ, પરિચ્છિન્ન, અનીશ, કર્મને આધીન, પ્રત્યક્ષ, બંધમોક્ષાવળો – આ ધર્મોથી યુક્ત જીવ 'ત્વં' પદનો વાચ્ય છે.

૩. 'અસિ' એટલે છે.

'અસિ' પદ તત્ અને ત્વમ્‌ની એકતા સૂચવે છે, બંનેને જોડે છે. અસિ એટલે છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

સંગીતપ્રેમીઓની માનીતી 'શિવરંજની' નું સુવર્ણ જયંતિવર્ષ : સિદ્ધિ સફળ કલાયાત્રાની

ટહૂકાર
પ્રકાશ લાલા

'અભિનંદન... શિવરંજની... અભિનંદન...'

તમને થશે કે હમણાં તો 'શિવરંજની, ગાંધીનગરે' કોઈ કાર્યક્રમ કર્યો નથી તો શેના અભિનંદન..?

નગરના કલારસિકો, આ અભિનંદન 'શિવરંજની'ના હમણાંના કોઈ પ્રોગ્રામ માટે નહીં પરંતુ, ૪૯ વર્ષમાં સંસ્થાએ, સંગીતના જતન અને સંવર્ધન માટે જે અનેકવિધ, નવી નવી સંગીતમય પ્રવૃત્તિઓ કરીને સિદ્ધિ હાંસલ કરી,આ વર્ષે પોતાની કલાયાત્રાના ૫૦મા - સ્વર્ણિમ વર્ષમાં પ્રવેશી છે તે માટે છે.

૧૯૭૨માં જયારે આ નગર એની બાલ્યાવસ્થામાં હતું ત્યારે અહીં અનુભવતો કલા-સંગીત-મનોરંજનનો મસમોટો ખાલીપો પૂરવા માટેની પહેલ કરવા શરૂ થયેલી કલા સંસ્થા 'શિવરંજની' નું ગાંધીનગરના સંગીત પ્રેમીઓ માટે આગવું મહત્ત્વને પ્રદાન રહ્યા છે.

પ્રારંભનાં વર્ષોમાં ગીત-સંગીતની આ સંસ્થાએ તેના સભ્યો માટે વર્ષમાં પાંચેક કાર્યક્રમો યોજવાનું શરૂ કરીને, આ નગરને સૂરોથી સજાવવાનું સૂરીલું કામ કર્યું હતું એ કેમ વિસરાય ?

જૂન, ૧૯૭૨માં એનો શુભારંભ થયો. 'શિવરંજની' ના ઉપક્રમે સુગમ, શાસ્ત્રીય સંગીત, નૃત્યો - ગરબાના કાર્યક્રમો થકી ગાંધીનગરની સાંસ્કૃતિક ચેતનાને ધબકતી કરાઈ. નગરના શુષ્ક - સરકારી માહોલમાં સૂરીલા ગીત-સંગીતનાં સ્પંદનો પ્રસરાવવાનું સંસ્થાનું યોગદાન શહેરના સાંસ્કૃતિક ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરે અવશ્ય આલેખાશે.

શરુઆતનાં વર્ષોમાં નજીવી સભ્યપદ ફી, સ્ટેજ-હોલ સાઉન્ડની ટાંચી સવલતો છતાંય 'શિવરંજની' દ્વારા ગુજરાત અને દેશના કંઈ કેટલાય પ્રસિદ્ધ કલાકારોને નિમંત્રી સરસ કાર્યક્રમો થતા રહેતા. આ વાત સંસ્થાના જૂના સભ્યો, સંગીત રસિકો નહીં જ ભૂલ્યા હોય. આ અવસરે સંસ્થાના તે વર્ષોના પ્રમુખો - માર્ગદર્શકો રહી ચૂકેલા શ્રીમતી જુહી સિન્હા, કે.સી. નાયક, વી.પી. કામદાર, જે.એફ. મિસ્ત્રી, એમ.યુ. પુરોહિત જેવા વડીલો અને સંસ્થાની સ્થાપના અને વિકાસમાં જહેમત ઉઠાવનાર સર્વશ્રી રાજેન્દ્ર ભટ્ટ, આર.સી. જોષી, ભાસ્કર ભટ્ટ, ઉદય શુકલ્, વિનુભાઈ જોષી, ડૉ. ભાલચંદ્ર હાથી, જે.વી. માંકડ, ભરત કવિ વગેરેને પણ યાદ કરવા જ રહ્યા.

સુગમ, શાસ્ત્રીય ગીત - સંગીતના કાર્યક્રમોના એના ફોર્મેટમાં સમય જતાં, શ્રોતાઓની માંગ મુજબ શાસ્ત્રીય રાગો આધારિત ફિલ્મી ગીતો, લોકસંગીત વગેરે ઉમેર